


ચેતના યાત્રા - અખિલ ભારતીય કોળી સમાજ દ્વારા 'ગરીબોમાં ચેતનાયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના અગ્રણીઓ, આગેવાનો ઉપરાંત મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# કલોલમાં બેદરકારીથી બાઈકની ઉઠાંતરીનો વધુ એક કિસ્સો નોંધાયો

## ઘર આંગણે બાઈક પાર્ક કરીને ભુલથી ચાવી કાઢવાની રહી ગઈ હતી

કલોલ, તા.૧૨

કલોલ શહેરની કર્મયોગી સોસાયટીમાં ચાવી ભરાવેલી સ્થિતિમાં પાર્ક કરેલા બાઈકને તક મળતાની સાથે જ કોઈ શખ્સ ઉઠાવી જઈ રફુચક્કર થઈ ગયાની ઘટના બનવા પામી છે. વાહનચાલકની બેદરકારીથી બાઈકચોરીનો વધુ એક કિસ્સો કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામ્યો છે. કલોલ શહેર પોલીસે ૨૧ હજારના બાઈકની ઉઠાંતરીનો ગુનો દાખલ કરી બાઈકચોરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

વાહનચોરીના વધી ગયેલા કિસ્સાઓમાં કયારેક વાહનચાલકોની બેદરકારી પણ મોટો ભાગ ભજવે છે. આ પ્રકારની બેદરકારીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કલોલ શહેરના કર્મયોગી સોસાયટીમાં રહેતા દિનેશભાઈ સિતારામ શાહે ગઈ કાલે રાત્રે ૮ થી ૯ વાગ્યાના અરસામાં ઘર આંગણે તેમનું બાઈક નં. જીજે-૧૮-એસ.૮૭૬૭ પાર્ક કર્યું હતું. ભુલથી બાઈકમાં લગાવેલી ચાવી કાઢવાની રહી ગઈ હતી. એક કલાકના સમયગાળા દરમિયાન ૨૧ હજારની કિંમતના આ બાઈકની ઉઠાંતરી કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયો હતો. પાર્ક કરેલા બાઈકની ચોરી થઈ ગયાનું ધ્યાને આવતા દિનેશભાઈએ આ સંદર્ભે કલોલ શહેર પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી બાઈક ચોર પકડવા તજવીજ શરુ કરી દીધી છે.

# ડીએલએફને ૨૩૩ કરોડની કિંમતી જમીન અપાઇ હતી

## ડીએલએફને પ્રતિ ચો.મી. રૂપિયા ૭૦૦૦૦ની જમીન માત્ર રૂપિયા ૫૦૦૦ના ભાવે ફાળવી હતી : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૨

ડીએલએફ નામની ખાનગી કંપનીએ હરિયાણામાં કરેલા જમીન સોદા અંગે મોટી બુમરાણ મચાવનાર ભાજપ ગુજરાતમાં ડીએલએફને અપાયેલી કરોડો રૂપિયાની કિંમતી જમીન અંગે ચૂપ કેમ છે એવો વેધક પ્રશ્ન ઉઠાવીને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૦૦૭ના વર્ષમાં મોદીની સરકારે ડીએલએફને ૧ લાખ ચો.મી. જમીન રૂપિયા ૫૦૦૦ના પ્રતિ ચો.મી.ના ભાવે ફાળવી હતી. આ જમીનનો જંત્રીનો ભાવ રૂપિયા ૧૯૦૦૦ હતો જ્યારે તેની બજાર કિંમત રૂપિયા ૩૦,૦૦૦ કરતાં વધુ હતી. આજે આ જમીનનો ભાવ પ્રતિ ચો.મીટર રૂપિયા ૭૦૦૦૦ કરતાં વધુ છે.

તેમણે ભાજપની સરકાર સામે એવો આક્ષેપ કર્યો હતો કે, જંત્રીના ભાવ પ્રમાણે ડીએલએફને ફાળવવામાં આવેલી જમીનની કિંમત રૂપિયા ૧૪૨ કરોડ અને આજે તે વખતના બજાર ભાવની દ્રષ્ટિએ આ જમીનની કિંમત રૂપિયા ૨૩૩ કરોડ જેટલી થતી હતી. પરંતુ મોંઘાભાવની આ જમીન ડીએલએફને માત્ર રૂપિયા ૫૦ કરોડમાં જ ફાળવવામાં આવી હતી. આ જમીનમાં જે તે વખતના બજાર ભાવે જ ડીએલએફને રૂપિયા ૧૮૭ કરોડનો ફાયદો ઉપરાંત સ્ટેમ્પ ડ્યુટીમાં પણ ફાયદો કરાવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડીએલએફને આઈટી સેઝ માટે આ જમીન આપી હોવા છતાં આજદિન સુધી આ જમીન પર એક ઈંટ પણ મુકવામાં આવી નથી. કોંગ્રેસે એક વર્ષ પહેલાં રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપીન સીબીઆઈ અથવા લોકાયુક્ત દ્વારા તપાસની માગણી કરી હતી. પરંતુ ગુજરાતમાં લોકાયુક્તના અભાવે આ કૌભાંડની તપાસ થઈ શકી નથી.

## કલોલમાં કેરોશીન ગટગટાવી યુવતીનો આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૨

કલોલ શહેરના રેલવે પૂર્વ વિસ્તારમાં આવેલી વખારીયાની ચાલીમાં રહેતી યુવતી રજીયાબેન રસીકભાઈ પઠાણે ગઈકાલે સાંજના સુમારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર આશરે ૨૦૦ મીલી જેટલુ કેરોશીન ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. શરીરમાં ગંભીર બળતરા શરૂ થઈ જતાં તાત્કાલિક સારવાર અર્થે તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. તેણીએ કયા કારણોસર કેરોશીન ગટગટાવ્યું તે હજુ સુધી બહાર આવ્યું નથી. કલોલ શહેર પોલીસે જાણવા જોગને આધારે આ સંદર્ભે ઉંડી તપાસ હાથ ધરી છે.

## નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૨૧ના હોદ્દેદારો નિમાયા



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં કેટેગરી-૩(છ)ના સરકારી વસાહતની નવરાત્રી મહોત્સવ સમિતિના વર્ષ-૨૦૧૨-૨૦૧૩ના હોદ્દેદારોની તાજેતરમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સરકારી વસાહત સમિતિ અને નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે અમરસિંહ રાણા, ઉપપ્રમુખ તરીકે ધીરેનભાઈ ચૌહાણ, મંત્રી તરીકે ઘનશ્યામસિંહ ગોહિલ, ખજાનચી તરીકે પ્રશાંતભાઈ પારેખ, સલાહકાર તરીકે એચ.આર. પટેલ, મહેન્દ્રસિંહ પરમાર અને ઓડીટર તરીકે મનુભાઈ પંચાસરા તથા કારોબારી સભ્યો તરીકે સોમાજી ઠાકોર, પાનાચંદભાઈ પરેચા, મહેન્દ્રભાઈ પંડ્યા, વિજયભાઈ જોષી, ડી.એસ. રાઠોડ, રમેશભાઈ રાઠોડ અને એચ.જે. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

## ગજ્જર સુથાર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગજ્જર સુથાર સમાજનો ગુજરાત રાજ્ય એકમના પ્રતિનિધિ અરવિંદભાઈ સુથાર જણાવે છે કે સમાજનો ૬ઠ્ઠો સમુહ લગ્નોત્સવ તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ ધર્મજમાં યોજાશે. સમુહ લગ્નમાં જોડાવવા ઈચ્છતા મેવાડા ગજ્જર, વૈશ્ય અને પંચોલી યુવક યુવતીઓએ સમાજની ઓફિસથી ફોર્મ મેળવીને ભરવાનાં રહેશે. જુનિયર કે.જી.થી અનુસ્નાતકના ગત વર્ષની માર્કશીટની ઝેરોક્ષ નકલો પણ ૩૧મી જાન્યુઆરી સુધી હનુમાનભાઈ મિસ્ત્રી, મંત્રી ગજ્જર સુથાર સમાજ ગુજરાત જૈન ઉપાશ્રયની બાજુમાં, ધોબી ફળિયા, મુ.તા. વાગરા, જિ. ભરૂચ ખાતે પહોંચતી કરવી.

## ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં સ્વેટર્સનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના ૧૨૦ ગામોમાં સેવાકીય પ્રવૃત્તિ ચાલે છે. ભીલોડા તાલુકાની ૧૨ પ્રાથમિક શાળાઓમાં તાજેતરમાં વિવિધ વસ્તુઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષકોને આ પ્રસંગે શ્રીમદ્ ભાગવદ ગીતા અર્પણ કરવામાં આવી હતી. ભીલોડા તાલુકાની ૧૨ પ્રાથમિક શાળાઓમાં ભવનપુર ૧, ૨, શામળપુર, જાભચીતરીયા ૧, ૨, લક્ષ્મીપુરા, જામ્બુડી, વસાયા, બોરનાલા ૧, ૨, રાનીઓડ તથા છાત્રેશ્વરી પ્રાથમિક શાળામાં ગરમ કપડાં, નવા કપડાં, ચોપડા, પેન્સિલ, બોલપેન, નાસ્તો, બેટબોલ વગેરેનું વિતરણ કર્યું હતું. ૧૬૦ નંગ નવા સ્વેટર, ૧૩૫ જોડ નવા કપડાં, ૨૪૦ નંગ ચોપડા, ૨૮૦ નંગ પેન્સિલ, ૧૧૦ બોલપેન તથા ૬ બેટબોલ બાળકોને આપ્યા હતા. સમગ્ર અંતરિયાળ ભાગમાં આ પ્રવૃત્તિ સાથે પ્રત્યેકને વિટામીન 'એ'ના ટીપા આપ્યા હતા. બાળકો નવા કપડાં જોઈ ખુશ થયા હતા. છાત્રેશ્વરી પ્રાથમિક શાળામાં બાળકોને નાસ્તો કરાવ્યા ઉપરાંત ૧૫ કિ.ગ્રા. ખારા ચણા આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં મિલિન્દ ગુપ્તે, નિર્મિત, ગામેતીભાઈ, દક્ષિત ચૌધરી અને વિગેશ મોરેએ ખાસ સહકાર આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળ પેથાપુરના હોદ્દેદારો વરણી

ગાંધીનગર, તા. ૧૨

મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળ પેથાપુરની સામાન્ય સભા મળી હતી. જેમાં ચાલુ વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં વર્ષોથી મંત્રી તરીકે કામ બજાવતાં નટુભાઈ કે. દરજીની ૧૫મી વાર સતત નિમણૂંક કરવામાં આવેલ છે.

પ્રમુખ - જનકભાઈ ભાવસાર, ઉપપ્રમુખ - કમલેશભાઈ આચાર્ય (જી.ઈ.બી.), ખજાનચી - પટ્ટણી દિલીપભાઈ, સહમંત્રી રાજુભાઈ ભાવસાર (પ્રેસવાળા), ઓડિટર તરીકે સુરેસભાઈ શર્મા, સલાહકાર તરીકે સુરેન્દ્રભાઈ પુરોહિત, મેનેજર - સુધાકરભાઈ (ગાંધીનગર), કારોબારી સભ્યોમાં ગણપતભાઈ પંચાલ, કલ્પેશભાઈ પંડ્યા, આકાશભાઈ સોની, અંકિતભાઈ ભાવસાર, મહેશભાઈ કંસારા, નરેશભાઈ શર્મા, નટુભાઈ સોની, મહિલા પ્રતિનિધિ તરીકે મીનાબહેન ભાવસાર, અમિષાબેન ભાવસાર, સંગીતાબેન ઠક્કરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગત વર્ષનાં હિસાબો મંજૂર કરવામાં આવ્યાં હતા. નવાં વર્ષ સાદાઈથી ભવ્ય ઉજવણી કરવાનું ઠરાવેલ છે. તેમ નટુભાઈ દરજીએ જણાવેલ છે.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા મફત રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા.૧૫મી ઓકટોબર ૨૦૧૨ને સોમવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન વિશ્વકર્મા સેવા સમાજનો હોલ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે મફત રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાશે.

મફત રોગ નિદાન અને સારવાર કેમ્પમાં દાંતનું નિદાન અને સારવાર માટે ડૉ. બિંદીબેન ગજ્જર, ડૉ. નિકુંજભાઈ ગજ્જર, ડૉ. હર્ષિત સુથાર, આંખના રોગનું નિદાન અને સારવાર માટે ડૉ. તેજલ દલાલ, નાક-કાન ગળાના રોગનું નિદાન અને સારવાર માટે ડૉ. યોગેશ ગજ્જર, જનરલ સર્જન ડૉ. જે.ડી. પ્રજાપતિ, ચામડીના રોગનું નિદાન અને સારવાર માટે ડૉ.તૃપ્તિબેન ધ્રાંગધરીયા, લોહી અને પેશાબની લેબોરેટરી તપાસ માટે મહેન્દ્રભાઈ ગજ્જર વગેરે ડોકટર્સ માનદ સેવા આપશે.

## વિકલાંગો માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલાકી વેઠવાનો વારો આવે છે. જેમાં ખાસ કરીને વિકલાંગ વ્યક્તિઓને દયનીય સ્થિતિમાં મુકાવવું પડે છે. જૂના સચિવાલય અને ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડીંગમાં પણ લીફ્ટની સુવિધાના અભાવે રોજબરોજ કામ અર્થે આવતા વિકલાંગ વ્યક્તિઓએ હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. રાજ્યનો વહીવટી દોરી સંચાર સંભાળતા જૂના સચિવાલયમાં સ્થિત વિવિધ બ્લોક્સમાં લીફ્ટ ન હોવાતી વિકલાંગ અરજદારોએ મુશ્કેલી વેઠવી પડે છે. આ વ્યક્તિઓ પણ આમ જનતાની જેમ સંભવિત વિભાગમાં જાતે જઈને પોતાનું કામ નિપજાવી શકે તેવા આશયથી જૂના સચિવાલયમાં લીફ્ટની સુવિધા ઉપલબ્ધ કરવા ચક્રો ગતિમાન થયા છે. સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ વિકલાંગોને લીફ્ટની સુવિધા પુરી પાડવા ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જૂના સચિવાલયમાં પણ ગ્રાઉન્ડ પ્લસથ્રી મજલાના બિલ્ડીંગમાં લીફ્ટની સુવિદા ઉભી કરવા રૂ. ૧ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જૂના સચિવાલય સંકુલમાં સ્થિત વિવિધ ૧૭ બ્લોકને અનુલક્ષી લીફ્ટ મુકવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત મોકલી દેવાઈ છે. આગામી દિવસોમાં દરખાસ્ત મંજુર થતયા બાદ કામગીરી હાથ ધરવામાં આવશે.

## ફરિયાદ મળતાં તંત્ર દોડ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો તાત્કાલિક દૂર કરી દેવા તમામ શાખાધિકારીઓને જણાવ્યુ છે. તેમણે જણાવ્યુ છે કે આચારસંહિતાનો અમલ કડક રીતે કરવામાં આવશે.

દરમ્યાન આજે જિલ્લાકક્ષાએ મિડિયા પ્રચાર માટે સર્ટીફિકેશન કમીટીની બેઠક પણ યોજવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપના અધ્યક્ષપદે રચાયેલ મિડીયા સર્ટિફિકેશન કમિટીની મંજૂરી સ્લાઈડ, પ્રચારસાહિત્યની મંજૂરી લેવી ફરજીયાત હોવાનું જણાવવામાં આવ્યું હતું. આવી મંજૂરી ઝડપથી આપવા માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

## ભાજપની મહત્વની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત કોંગ્રેસને ચૂંટણી યુદ્ધમાં પરાસ્ત કરવા મોંઘવારી તથા ભ્રષ્ટાચારના મુદ્દાને વધુ અસરકારક રીતે મતદારો વચ્ચે લઈ જવાની પણ યોજના ઘડી કાઢવામાં આવશે.સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં ચૂંટણી આચાર સંહિતાના મુદ્દે પણ નિષ્ણાતો દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન અપાશે અને જે રીતે કૃષિમંત્રી દિલીપ સંઘાણી વિરુદ્ધ આચાર સંહિતા ભંગનો મુદ્દો ઉભો થયો છે તે રીતે ફરી આવા કોઈ પગલાં ભાજપના અગ્રણી સામે ભરવામાં ન આવે તે માટે તથા કોંગ્રેસની આ પ્રકારની હિલચાલ ઉપર બારીક નજર રાખી આચારસંહિતાનો ભંગ થાય તો ચૂંટણી પંચને ફરિયાદ કરવાની પણ સૂચના આપવામાં આવશે. વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને વિવિધ સમિતિઓ તથા નિરીક્ષકોની પણ આ બેઠકમાં રચના કરવામાં આવશે. તેમજ કેશુભાઈ ફેક્ટરને ધ્યાનમાં રાખી કાર્યકરોમાં કોઈ અસંતોષ ના ફેલાય તેની તકેદારી રાખવા પણ સ્થાનિક સ્તરે સૂચના અપાશે.

આ બેઠકમાં ઉમેદવારોની પસંદગીના વિષયમાં કોઈ ચર્ચા થશે નહિ. અલબત્ત, કેટલીક સૂચનાઓ આપવામાં આવશે. આ ઉપરાંત આ બેઠકમાં ચૂંટણીલક્ષી કાર્યક્રમો પણ તૈયાર કરવામાં આવશે.

## વિઘ્ન નહીં આવે તો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આધુનિક કાર્યાલયો તૈયાર થઈ રહ્યાં છે. આ બન્ને બ્લોકમાં વિશ્વની અત્યાધુનિક સુરક્ષા વ્યવસ્થા અને ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

૧૯૯૭માં શંકરસિંહ વાઘેલા જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સચિવાલય અને ઉદ્યોગભવનમાં મંત્રીઓની કેબિનો વહેંચી દીધી હતી. તેઓએ નક્કી કર્યું હતું કે જે વિભાગનો મંત્રી હોય તેણે તે વિભાગમાં બેસવાનું રહેશે. ઉદ્યોગ મંત્રીને ઉદ્યોગ ભવનમાં બેસવાની સૂચના આપી હતી. અલબત્ત, મોદીએ તો સીએમ ઓફિસ અને મંત્રીઓની ઓફિસોને જ મુખ્ય બ્લોકમાંથી ખસેડી લીધી છે.

## ઝુત્સી ગુજરાત આવે છે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યવસ્થા માટે તંત્ર દ્વારા લેવાયેલા પગલાંઓની પણ જાણકારી મેળવશે.

શ્રી ઝુત્સીના આ ગુજરાત પ્રવાસને અતિ મહત્વનો લેખવામાં આવી રહ્યો છે એટલુ જ નહિ તેમના આ પ્રવાસ દરમ્યાન તેઓ એકાદ બે જિલ્લાઓનો પ્રવાસ કરી અને તંત્ર દ્વારા ચાલી રહેલી કામગીરીનું પણ નિરીક્ષણ કરે તેવી સંભાવનાઓ છે.

વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન આચારસંહિતાના અસરકારક અમલીકરણ અંગે પણ તેઓ તંત્રને કડક તાકીદ કરશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત પંચ દ્વારા વોટરસ્લીપ જે તૈયાર કરવાની છે તે વિશે પણ તેઓ અધિકારીઓ સાથે વાતચીત કરશે તેમ મનાઈ રહ્યું છે.

ખર્ચ નિયંત્રણને લઈ પંચ આ વખતે વધુ આગ્રહી બન્યુ હોવાથી તેના અમલીકરણમાં પણ કોઈ કચાશ ના રહે તે જોવા જણાવશે. આ ઉપરાંત મતદાર જાગૃતિ અભિયાન જે પંચ દ્વારા છેડવામાં આવનાર છે તે માટે જિલ્લાના અધિકારીઓને માર્ગદર્શન આપશે. તેઓ આ અંગે જિલ્લા કક્ષાએ તૈયાર થયેલા એક્શન પ્લાનને લઈ પણ વિસ્તૃત ચર્ચાઓ કરે તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

શ્રી જુત્સીની મુલાકાતને લઈ ચૂંટણી પંચની ગુજરાત ખાતેની કચેરીએ પણ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. આજે એક જ સપ્તાહમાં બીજીવાર મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલે મતદારયાદી સહિતના મુદ્દાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

## નવલી નવરાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તળપદી ગરબાઓ આ વર્ષે નવરાત્રીમાં સાંભળવાનો લ્હાવો માણી શકાશે. આ ઉપરાંત આ વર્ષે અમે જોડીયા પતંગીયાના નામે જાણીતી થયેલી બહેનોને પણ હાઈલાઈટ કરવા માંગીએ છીએ. જો કે આ વર્ષનું આકર્ષણ તો ભાઈ ભાઈ... જ છે. છેલ્લા કેટલાક વર્ષોથી નવરાત્રીમાં સનેડાએ આકર્ષણ જમાવ્યુ હતુ પરંતુ આ વર્ષે તેનું સ્થાન ભાઈ ભાઈ... ભલા મોરી રામા.. લેશે. હમણાં જ તેના ટ્રેક ખુબ લોકપ્રિય બની ગયા છે. મંગલ વરસે, મંગલ વરસે.. આજ માને આંગણે મંગલ વરસે... અને અલબેલી રે અંબે માત, જોવાને જઈએ... જેવા કેટલાક ભૂલાયેલા ગરબાઓ પણ આ વર્ષે નવરાત્રીમાં અમે સંભાળાવીશુ.

ગુજરાતના જાણીતા ગાયીકા કલ્યાણ કૌઠારકર કહે છે કે અમે દર વર્ષે નવરાત્રીમાં કોઈને કોઈ નવી કોમ્પોઝીશન લઈને આવીએ છીએ. અમે આ વર્ષે માતાજીના શ્લોકથી શરૂઆત કરશુ. તે પછી માતાજીની ચલતી કે જેમાં માતાજીના ગુણગાન ગવાયા છે. તે રજુ કરીશુ. જય જય અંબે મા, જગદંબા જગ જનની તુ જગદંબા, ત્રિભૂવન સ્વામીનીમા અને સરસ્વતીચંદ્રનો ગરબો, અંબા ઓ મારી માડી રે, તુ જોને નીજ ભણી જેવા ગરબાથી ખેલૈયાઓ અને સાંભળનારાઓને ડોલાવી દઈશુ. આ ઉપરાંત બેડાના ગરબા, માતાજીના ગરબાનું કોમ્પોઝીશન ચાલુ છે. જે ખેલૈયાઓ માટે નવા છે. આ ઉપરાંત રાસ, હુડો અને ત્રણ તાલીના કોમ્પોઝીશન પણ સંગીતજ્ઞો સાથે મળીને અમે તૈયાર કરી રહ્યા છીએ.

## શબ્દાવલી - ૪૮૬૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| | ■ | ૭ | | | | ■ | |
| | ■ | ૮ | | ■ | ■ | ૯ | ■ |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | ૧૪ |
| ■ | | ■ | ■ | ૧૫ | | | |
| ૧૬ | ■ | ૧૭ | | | | ■ | ■ |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ૨૨ |
| ૨૩ | | | | ■ | ■ | ૨૪ | |

**આડી ચાવી**

૧. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૫. એક રૂપિયોને પચ્ચીસ પૈસા એટલે ... રૂપિયો થાય (૨)
૭. લાકડા વહેરવાનું એક સાધન (૪)
૮. મુગટ (૨)
૧૦. એઠું, ખાતા વધેલું (૩)
૧૨. જયાં કચરો નંખાય તે જગ્યા (૪)
૧૫. પથરાવાળી જમીન (૪)
૧૭. અભ્યાસ, ટેવ (૪)
૧૮. પ્રાઈઝ, બક્ષીસ (૩)
૨૦. નૃત્યકલાના આરાધ્ય દેવ (૪)
૨૩. નવીન પ્રયોગ (૪)
૨૪. ફીકર, ચિંતા (૨)

**ઊભી ચાવી**

૧. પરોપકારી (૪)
૨. પહોળાઈ, ખુલ્લું મુકતું (૪)
૩. મૃત વ્યક્તિ પાછળ કરાતી વિધિ (૩)
૪. 'વર'નું ઊંધુ વહુ નહિ (૨)
૬. રસ્તો, પથ (૨)
૯. 'ફરાર' શબ્દ અસ્તવ્યસ્ત (૩)
૧૧. ચોર, ઠગારો (૨)
૧૨. બગીચો, વાડી (૪)
૧૩. તાસ જેવું પહોળું વાસણ (૪)
૧૪. ... કરવો, ખોટો દેખાવ કરવો (૨)
૧૬. ઈશારો (૩)
૧૭. જીદ, ખોટી રટ (૩)
૧૯. નાવડી, હોડી (૨)
૨૧. રાત્રી, નિસા (૨)
૨૨. ઉધારનું વિરોધી (૨)

### શબ્દાવલી ૪૮૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિવશતા (૪) રકમ (૭) રોડા (૮) ડફ (૧૦) લાગ (૧૧) આપવડાઈ (૧૩) યાત્રી (૧૫) સખત (૧૬) કામચોર (૧૮) નિકાલ (૨૦) પડકાર (૨૧) પનીર (૨૨) સમોવડીયું

**ઊભી ચાવી :-** (૧) વિરોધાભાસ (૨) વડા (૩) તાડપત્રી (૫) કલાઈ (૬) મગ (૯) રવ (૧૧) આયાત નિકાસ (૧૨) ડારમ (૧૪) નીર (૧૬) કાલ (૧૭) ચોપાનિયું (૧૯) કારમો (૨૦) પગ (૨૧) પડી

## કલ્ચરલ ફોરમના ગરબામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાજમાં સદ્‌વિચારો ટકાવવા અને મનનું માલિન્ય નષ્ટ કરવા સહિત સત્, ચિત્, આનંદની અનુભૂતિ કરાવવાના ઉમદા અને સોહામણા અભિગમ સાથે નવરાત-મહોત્સવનું સાંસ્કૃતિક ઢબે આયોજન કરવામાં આવ્યું છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ટાઉનહોલ નજીક સ્થિત ગરબા ગ્રાઉન્ડમાં ગરબા મહોત્સવને લઈને ભાતીગળ વાતાવરણનું સર્જન કરવામાં આવ્યું છે. લીપણ-ખડીની કલાત્મક ચિત્રામણ સાથે ગામઠી લૂક આપતો પ્રવેશદ્વાર અને ભવ્ય સ્ટેજ તૈયાર કરવામાં આવ્યું છે. ગ્રામિણ હસ્તકલાના કારીગરો દ્વારા ૯૦ ફૂટના પ્લાઝા સાથે ૩૦ ફૂટ પહોળો અને ૧૨ ફૂટ ઉંચો ગામઠી પ્રવેશદ્વાર તૈયાર કરાયો છે. જયારે પશ્ચિમી મ્યુઝિકની તર્જથી દૂર હટી માત્ર માતાજીના ગુણગાન ગાતા ગરબાના સૂર વચ્ચે ૫ હજાર ખેલૈયાઓ મોકળાશથી ગરબે ઘુમી શકે તે મુજબ ગ્રાઉન્ડ વ્યવસ્થા સજ્જ કરી દેવાઈ છે. નવરાત દરમિયાન કલ્યાણી કોઠાળકર, દિવ્યાંગ અંજારીયા, જગદીપ મહેતા, દિપેશ અન દિપ્તી દેસાઈ સહિતના ગાયક કલાકારો ગરબાના સૂર રેલાવશે. ૩૨,૬૦૦ ચો. ફૂટના ગરબા મેદાનમાં ખેલૈયાઓ ધૂળ રહિત અને પવિત્ર વાતાવરણમાં 'ગરબાનો આનંદ' લઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. જયારે ૧૦ હજાર ગરબા રસિકો ખુરશીમાં બેસી ગરબાનો આનંદ માણી શકે તેવી બેઠક વ્યવસ્થા પણ ગોઠવી દેવાઈ છે. આ ઉપરાંત ખાણી-પીણીના આનંદ માટે વૈવિધ્યસભર વાનગીના ૨૭ જેટલા સ્ટોલ્સ ઉભા કરી ફૂડકોર્ટનું પણ નિર્માણ કરાયું છે. વધુમાં ૧૨ જેટલા ડિસ્પ્લે સ્ટોલ્સ પરથી લોકોને ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ થાય તેવું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગ્રાઉન્ડમાં ગરબે ઘુમતા ખેલૈયાઓને યોગ્ય રીતે નિહાળી શકાય તે માટે ૧૦ બાય ૧૫ના બે મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન પણ મુકવામાં આવ્યા છે. જયારે સઘળા આયોજનમાં સલામતીને મુખ્ય ધ્યાને લેતા પ્રવેશદ્વારથી લઈ સમગ્ર ગરબા સંકુલમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવાયા છે. નવરાત દરમિયાન આઠમના દિવસે ૧૫ હજાર દિવડા પ્રગટાવી દિવ્ય ઉજાસ વચ્ચે મહાઆરતીનો કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧૬ ઓકટોબરના રોજ પ્રથમ નોરતે રાત્રિના ૮.૩૦ કલાકે સમદર્શન આશ્રમના ગુરુમા દિપ પ્રાગટય કરી ગરબા મહોત્સવનો પ્રારંભ કરાવશે. વિધાનસભાની આગામી ચૂંટણીને ધ્યાને લઈને આચાર સંહીતાનો કડક અમલ થાય તે અંગે પૂરી તકેદારી રખાશે તેમ પણ સંસ્થાના અધ્યક્ષે જણાવ્યું હતું.

SANGHI CEMENT
KisaN
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ